‘સ્વર્ગ’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## ‘વીરપસલી’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘વીરપસલી’**. તમારી મૌલિક કૃતિ અમને 15-08-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in

- સંપાદક



## સ્વર્ગ

તું એક વાર ચૂમી લે, મા-બાપના ચરણને...
તું એક વાર માણી લે, કુદરતના નજારાને...
તું એક વાર થામી લે, સત્ય, દયા, પ્રેમપૂંજીને...
તું એક વાર ગાઈ લે, ‘ગીતા’ના સારને...
તું એક વાર પડી જા, કાન્હાની શરણમાં...
સ્વર્ગ હી સ્વર્ગ છે... આ બધાનાં સ્મરણમાં...

**- સંગુ કમલ શાહ (સુરત)**



## સ્વર્ગ

કહેવાય સ્વર્ગ નિવાસસ્થાન દેવતાઓનું!
પણ ક્યાં ઊતરતું છે ઘર માનવીનું સ્વર્ગથી?
છે જ્યાં સમજણ પરસ્પર મજાની!
અપાતું જ્યાં સન્માન નાનાંમોટાં સૌને,
મળતો હક જ્યાં પોતાની વાત રજૂ
કરવાનો,
બની રહે આવાં જ ઘર સ્વર્ગ ધરતી પરનાં!

**- શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**

## સ્વર્ગ

મનમંદિરે
મંજીરા સંભળાતાં
સ્વપ્નમાં મીરાં!
***
દેવતાવાસ
ગૃહમાં, સદ્‌ગુણી,
નારી સમ્માન.
***
માતૃચરણ
તળે, સદૈવ સ્વર્ગ,
સ્નેહામૃતનું.
***
સ્વર્ગનો માર્ગ
પ્રેમ, સપ્તરંગીન-
મનમંદિરે!
***
સ્વર્ગ સર્જે
ઘરને, નારી સ્વયં,
જૂજવાંરૂપે.

**- કિશોર આર. ટંડેલ (નવસારી)**

## સ્વર્ગની શોધ

ક્યાંક ઉપર અંબરથી પાર,
લોકો કહે છે, છે એક ધામ.
જ્યાં વહે છે અમૃતનાં ઝરણાં,
‘સ્વર્ગ’ છે જેનું પવિત્ર નામ.
પણ વિચારું છું ઘણી વાર બેસીને,
શું સાચે જ સ્વર્ગ છે આટલું દૂર?
કે પછી છે એ આપણી આસપાસ,
જ્યાં છલકે પ્રેમ અને નૂર.
જ્યાં માના હાથનો સ્પર્શ મળે
અને પિતાનો સ્નેહ છલકાય.
જ્યાં ભૂખ્યાને અન્નનો ટુકડો મળે
અને રોતા ચહેરે હાસ્ય રેલાય.
દિલમાં ન રહે કોઈ વેર-ઝેર,
જ્યાં માણસ માણસને ભેટી જાય.
નથી શોધવું મારે વાદળો પાર,
કે નથી જવું કોઈ અજાણ્યા ધામ,
જ્યાં મન શાંત ને હૃદય પવિત્ર હોય,
એ જ ધરતી પરનું સ્વર્ગ તમામ!

**- નિરાલી ઠોરિયા (મોરબી)**

## સ્વર્ગ અને નર્ક

રાજાએ પુણ્યના દીવા પ્રગટાવ્યા જીવનભર અપાર,
એક ભૂલે ચિત્રગુપ્તે લખ્યો કર્મનો નાનો ભાર.
પહેલા નર્ક કે સીધું સ્વર્ગ? મળ્યા બે માર્ગ સામે,
ખોટો નિર્ણય લઈ બેઠો, ફસાયો પોતાના જ જાળે.
નર્કમાં જઈ પાપ વધાર્યાં, પુણ્ય બધાં ધોવાઈ ગયાં,
એક ખોટો નિર્ણય જીવનની દશા બદલી દે,
સ્વર્ગ સુધી પહોંચેલો માનવ પણ નર્કમાં પડી રહે.

**-અંકુરભાઈ ગુલાબભાઈ લાડ (બામણવેલ)**



## ક્યાં છે સ્વર્ગ?

ક્યાં છે સ્વર્ગ? ‘ઉપર’ છે?!
ત્યાં જીવતેજીવત ન જવાય?
સ્વર્ગમાં અમૃતપાન મળે
પણ તે માટે ઘર-ગૃહસ્થી છોડવાં પડે?
માબાપ..ભાઇબહેન...પત્ની... બાળકો: બધાંને જ?!
અપ્સરાઓનો જાદુ કે નંદનવન-વિચરણ
‘ઉપર’ માણવા મળે પણ મર્યા બાદ જ?
ઇન્દ્રાસન (માત્ર) જોવા મળે?
અહીં તો જાણીતાં સુખ ને જાણીતાં દુ:ખ
ચાલો,સ્વર્ગને જ નીચે ઉતારીએ!

**- બકુલેશ દેસાઈ**




## એક અછાંદસ કાવ્ય

આપણે તેને વાદળોની પેલે પાર શોધીએ છીએ,
કોઈ અજાણી અને કાલ્પનિક દુનિયામાં,
જ્યાં બધું જ સુંદર, શાંત અને અમર હોય.
પણ શું ખરેખર સ્વર્ગ એટલું દૂર છે?
મેં સ્વર્ગ જોયું છે,
પહેલા વરસાદમાં પલળતી માટીની મહેકમાં,
રમતાં બાળકના નિર્દોષ અને નિખાલસ સ્મિતમાં,
અને થાકીને ઘરે પાછા ફરતાં પિતાના સંતોષમાં.
જ્યારે કોઈ નિરાશ વ્યક્તિની આંખમાંથી આંસુ લૂછીએ,
ત્યારે હૃદયમાં જે હળવાશ અને શાંતિ અનુભવાય છે,
તે જ તો સાચું સ્વર્ગ છે.
માતાના ખોળામાં મળતી હૂંફમાં,
પ્રકૃતિના શાંત વાતાવરણમાં વહેતાં ઝરણાના અવાજમાં
અને કોઈ પ્રિયજનના સમજનારા મૌનમાં,
સ્વર્ગની અનુભૂતિ છુપાયેલી છે.
મૃત્યુ પછી મળતું સ્વર્ગ કદાચ એક ભ્રમ હશે,
પણ જીવતા જીવ અનુભવાતી આ નાની ખુશીઓ અને પ્રેમ,
ચોક્કસ એક અફર સત્ય છે.
સ્વર્ગ ક્યાંય ઉપર આકાશમાં નથી,
તે આપણી અંદર છે,
આપણી આસપાસની ક્ષણોમાં છે,
બસ, માત્ર તેને અનુભવવાની દૃષ્ટિ જોઈએ.

**- કે ડી સેદાણી (અમદાવાદ)**

## લઘુકાવ્યો

પ્રકૃતિનો જામ ભરી
પીતાં...પીતાં,
ચઢતો નશો
તે...
સ્વર્ગ.
***
સ્વર્ગનું સરનામું
શોધતાં શોધતાં,
પહોંચી જવાયું ગોકુળમાં!
***
સ્વર્ગ મેળવવા
ગંગાજળમાં ડૂબકી મારી,
પાપ ધોવાં
છતાં મને અંતે મળ્યું નર્ક.
***
વરસાદનો ભીનો ભીનો
સ્પર્શ
તે...
સ્વર્ગ.
***
પ્રેમીજન માટે
આગના દરિયામાં ડૂબવું
એટલે જ સ્વર્ગ!

**- રમેશ પટેલ(સુરત**

## સ્વર્ગ

આપ મૂઆ જગ ડુબા
લોકો કહે છે સ્વર્ગ જવા મરવું પડે,
પણ હું કહું છું, જીવતા જ સ્વર્ગ બનાવવું પડે.
સોના-ચાંદીના મહેલ નહીં,
ના કોઈ અપ્સરાનો નાચ.
જ્યાં માની આંખમાં આંસુ ન હોય,
બાપના ચહેરે ચિંતાની રેખા ન હોય,
એ જ મારું સ્વર્ગ સાચ.
*આપ મૂઆ જગ ડુબા*
પાડોશી ભૂખ્યો સુવે અને આપણે તાળી પાડીએ,
એ ઘરમાં સ્વર્ગ ક્યાંથી આવે?
ગાયને રોટલો અને કૂતરાને પાણી આપીએ,
એ આંગણામાં જ દેવ ઊતરે.
સ્વર્ગ જવા ટિકિટ નથી મળતી,
પુણ્યના પૈસાથી ખરીદાતું નથી.
એક ભૂખ્યાને રોટલો,
એક તરસ્યાને પાણી,
એક રડતાને હૈયાધારણ -
આ જ સ્વર્ગની ચાવી છે.
*આપ મૂઆ જગ ડુબા*
જીવતા જ સ્વર્ગ કમાઈ લો.
કારણ કે જે દિલમાં દયા છે,
એના માટે આખી દુનિયા જ સ્વર્ગ છે.
માના પગે તળે જન્નત છે,
બીજે ક્યાંય સ્વર્ગ શોધવા ન જજો ઓહ સુરા

**- સુનીલ રાજેન્દ્ર બર્મન**




સ્વર્ગ ને નર્ક તો આપણે જ બનાવ્યાં
ક્યાં કોઈએ દીઠાં!
આવાગમનના કેટલાય ફેરામાં
‘અમે તો જઈ આવ્યા’ એમ કેટલાયે કીધા!
અહીં જ દેવળો ને દેવભૂમિ
અહીં જ ચમત્કારો ને અહીં જ મરુભૂમિ!
કેટલાય સ્વામી ને સંતો ને ગ્રંથોમાં ગુરુઓની સહી
રામાયણ, મહાભારત ને વેદોની કેટલાય વાતો કહી!
લહેરાતા સાગર ને ખળખળતી નદીઓ
પ્રકૃતિએ એની સુંદરતા લહેરાવી દીધી!
આ તનમાં યે આપણાં કેટલાય આંટીઘૂંટી
શ્વાસને લોહીની આ ચાદર વણી લીધી !
પાપ ને પુણ્યના લેખાજોખાનું ત્રાજવું કર્મોના હાથમાં
સ્વર્ગ મળી રહેશે જો માનવતા મહેકાવીશું સાથમાં!

**- રીટા સંજય વશી**